જય અંબે...બજારોમાં નવરાત્રી પર્વની ખરીદીની રોનક

બજારમાં માતાજીની મૂર્તિઓ અને ફોટો ફ્રેમની ખરીદી સહિત પૂજા સામગ્રી અને અન્ય નવરાત્રી પર્વની ઉજવણી માટેની ખરીદીઓ માટે શહેરીજનો ઉમટ્યા

માઁ આદ્યશક્તિની આરાધનાના પર્વની ઉજવણી એટલે કે નવરાત્રી પર્વની ઉજવણીને હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે માતાજીના ગરબાનું સ્થાપન કરવા માટે શહેરના બજારોમાં આકર્ષક ગરબાના સ્ટોલ ઊભા થયા છે જેમાં અંબે માંનાં ફોટાઓ અને મૂર્તિઓ પણ જોવા મળી રહી છે અને વિક્રેતાઓ દ્વારા ગરબાની આકર્ષક અને સુંદર સજાવટ કરીને તૈયારી કરવામાં આવી છે સાથો સાથ માતાજીની ચુંદડી તથા હાર ઉપરાંત સુશોભન અને શણગારની વસ્તુઓના વેચાણ માટેના સ્ટોલ પણ ઉભા થયા છે. તેમજ અનેક ભક્તો દ્વારા ગરબા તેમજ અન્ય પૂજાપાની સામગ્રી-પ્રસાદ સહિતની ખરીદીનો પ્રારંભ કરાયો છે. એટલે આ દિવસોમાં બજારોમાં નવરાત્રી પર્વ ની ખરીદી જોવા મળી રહી છે.

માતાજીની મૂર્તિઓ અને ફોટો ફ્રેમ સુંદર રીતે તૈયાર કરવામાં આવ્યા છે આ વખતે કોરોના પ્રકોપ ન હોવાથી મૂર્તિઓ ની સાઇઝ નાની મોટી તમામ પ્રકાર માં બનાવવામાં આવી છે આ સાથે જ માતાજી નાં ભક્તો એ મૂર્તિઓ અને માતાજી નાં ફોટો ફ્રેમ ની ખરીદી કરવાનો પ્રારંભ કર્યો છે. વેપારીઓને અગાઉથી પણ ઓર્ડર આપવામાં આવ્યા છે જેમાં ભક્તોની પસંદગી મુજબની માતાજીની મૂર્તિઓ તૈયાર કરવામાં આવી છે.આ સાથે જ બજારમાં માતાજીના શ્રીંગાર માટેની તમામ નાની મોટી સામગ્રી બજારમાં જોવા મળી રહી છે બજારમાં નવરાત્રીમય માહોલ છવાયો છે.

શહેરમાં આ વખતે શેરી ગરબા અને પાર્ટી પ્લોટમાં ગરબા યોજાવા જઈ રહ્યાછે તેથી વેપારીઓમાં આનંદો છવાયો છે. શાકની લારીઓ વાળા વેપારીઓ પણ નવરાત્રી સંલગ્ન વ્યવસાય કરતા જોવા મળી રહ્યા છે.જો કે આ વખતે દરેક ચીજ વસ્તુઓ માં ભાવ વધારો થયો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. તેમ છતાં ભક્તો આ વર્ષે માતાજીની આરાધનામાં કોઈ કસર મૂકવાના નથી તે રીતે ખરીદીનો આરંભ થઈ ચૂક્યો છે.

બજારમાં માતાજીની મૂર્તિઓને વેચાણ અર્થે મૂકવામાં આવી છે જેમાં વેપારીઓ એ તમામ મૂર્તિઓ ને સુંદર રીતે તૈયાર કરી છે. મૂર્તિઓ ની સાઇઝ મુજબ અલગ અલગ ભાવ છે આ સાથે જ રંગીન લાઇટ વાળી માતાજીની ફોટો ફ્રેમ આકર્ષણ જમાવી રહ્યું છે તેની ખરીદી પણ સૌથી વધુ થશે તેવું વેપારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ સાથે જ હાલમાં તો બજારો માં નવરાત્રી ની ખરીદી ની રોનક જોવા મળી રહી છે.

માતાજી ની આરાધના માટે મૂર્તિ સ્થાપન કરવામાં આવશે જેમાં ભક્તો દ્વારા સુંદર સજાવટ પણ કરવામાં આવશે. જેની સામગ્રીઓ પણ બજાર માં ઉપલબ્ધ થઈ ગઈ છે. શહેર માં સેકટર અને સોસાયટીઓમાં માતાજીનો ગબ્બર બનાવવામાં આવેછે જેમાં નાના નાના બાળકો પણ ગબ્બર બનાવવા ખૂબ મહેનતે લાગી જાય છે.દર વર્ષે અલગ અલગ થીમ મુજબ ગબ્બર બનાવવામાં આવે છે જેમાં શહેર માં નવરાત્રી ના એક અઠવાડિયા પેહલા જ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

ગાંધીનગરના પૂર્વ વિદ્યાર્થીના સાયકલિંગ ક્ષેત્રે ત્રણ રેકોર્ડ્સ

કેએસવીના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમના વિદ્યાર્થી રહી ચુકેલાં સુનિલ પટેલને ૫૦થી વધુ વર્ષની વય જૂથમાં ત્રણ રેકોર્ડ્ઝ બનાવ્યાં : રોજનું ૫૦ કિમીથી વધુ સાયકલિંગ કરીને વિક્રમો સ્થાપ્યાં

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમના વિદ્યાર્થી રહી ચુકેલા મુળ કપડવંજના વતની અને હાલ વડોદરામાં આનંદ વિદ્યા વિહાર સ્કૂલ વડોદરામાં વ્યાયામ શિક્ષક તરીકે ફરજ બજાવતા સુનિલ બી. પટેલે સાયકલિંગ ક્ષેત્રે ત્રણ ત્રણ રેકોર્ડ નોંધાવ્યાં છે. તેમણે દરરોજ ૫૦ કિલોમીટર સાયકલિંગ કરીને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ, વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયા તેમજ જાખિ બૂક ઓફ રેકોર્ડમાં ૫૦થી વધુ વર્ષની વય જૂથમાં પોતાનો રેકોર્ડ બનાવ્યો છે. આ પૈકી તેમણે ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડસમાં દરરોજના ૫૦ કિલોમીટર ૧૭૯ દિવસ સાયકલિંગ કરી રેકોર્ડ બનાવ્યો છે અને વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયામાં દરરોજના ૫૦ કિલોમિટર ૨૨૯ દિવસ સુધી સાયકલિંગ કરીને ૧૨,૯૨૬ કિલોમિટર પુરા કરવા અંગે રેકોર્ડ બનાવ્યો છે. ત્રીજો રેકોર્ડ તેમણે જાખિ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં ૫૦ કિલોમિટર ૨૧૪ દિવસ સુધી, ૧૦૦ કિલોમિટર પાંચ દિવસ અને ૩૦-૪૦ કિલોમિટરની ૨૯ દિવસ સાયકલ રાઈડ કરીને રેકોર્ડ બનાવ્યો છે.

સુનિલ પટેલ કપડવંજના વતની છે અને હાલ વડોદરા મુકામે રહે છે. તેઓ કપડવંજમાં હતાં ત્યારે પણ શારિરિક પ્રવૃતિને ખુબ જ મહત્ત્વ આપતાં આવ્યાં હતાં. તેઓ કપડવંજમાં માણેકલાલ દેસાઈ કિશોર મંદિર તેમજ એ.સી. શારદ મંદિરના વિધ્યાર્થીઓને શારિરિક રીતે સશક્ત બને અને પોતાનુ સ્વરક્ષણ કરી શકે તે માટે કરાટેની તાલીમ આપતાં હતાં તેમજ કપડવંજમાં અનેક સામાજીક પ્રવૃતિઓ સાથે જોડાયેલા હતાં. હાલ તેઓ વડોદરામાં રહે છે અને ત્યાં પણ તેમની સામાજીક પ્રવૃતિને વેગ આપી રહ્યાં છે જેમાં જુના પગરખાં ઉઘરાવી ગરીબી રેખા નીચે જીવતાં લોકોને પગરખાં પેહરાવવા, બ્લડ ડોનેશન કેમ્પ, વ્યસન મુક્તિ અભિયાન, વાઘ બચાવ અભિયાન, જંગલ બચાવ અભિયાન, સફાઈ અભિયાન, ચકલી બચાવ અભિયાન, વુક્ષરોપણ, શારિરીક સ્વસ્થ રહેવા માટે સાયકલ રેલી જેવી અનેક પ્રવૃતિઓ ચલાવી રહ્યાં છે. તેઓ વાઘ બચાવ અભિયાનમાં ગાંધીનગરના જંગલીઝ ગ્રુપ ઓફ ગુજરાત સાથે જોડાઈને રણથંભોર, સરિસ્કા અને બાંધવઘઢમાં કામ કરી ચુકયા છે અને કરી રહ્યાં છે તેઓને વાઘ વિષે સારી જાણકારી છે. તેમના પિતા બચુભાઈ પણ અનેક સામાજીક પ્રવૃતિઓ સાથે જોડાયેલા હતાં.

સરદવ હાઈસ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લાકક્ષાએ કલા ઉત્સવમાં ટિપ્પણી નૃત્યમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. આચાર્ય અમૃતભાઈ દેસાઈ સાહેબે વિદ્યાર્થીની બહેનોએ માર્ગદર્શકોને અભિનંદન પાઠવ્યા હતા. પ્રદેશ કક્ષાએ ભાગ લેવા જશે.

સુરક્ષા ક્ષેત્રે અગ્રેસર ડબલ એન્જિન સરકાર

મહિલાની સુરક્ષા માટે શી ટીમ કાર્યરત : ઈ-એફઆઈઆરનો નવતર અભિગમ

જિલ્લા મથકો, યાત્રાધામો અને પ્રવાસન સ્થળોની સુરક્ષા માટે વિશ્વાસ પ્રોજેક્ટ કાર્યરત

પોક્સો

- રાજ્યમાં બાળકોના ગુન્હામાં પોક્સો હેઠળ કામગીરી કરવામાં આવે છે. મહિલાઓ અને બાળકો વિરૂધ્ધના અત્યાચારના અને બળાત્કારના બનતા બનાવોમાં તપાસની કામગીરી સમયસર થાય તથા ઝડપથી ચુકાદો આવે તે માટે અસરકારક મોનિટરીંગ કમિટીની રચના કરવામાં આવેલ છે.
- સરકાર દ્વારા સગીર બાળા ઉપર બનતા અત્યાચારના ગુનાઓની તપાસમાં યોગ્ય સુપરવિઝન થાય અને પોલીસ કમિશનર તથા રેન્જ કક્ષાએ ગુના દિઠ સમીક્ષા કરવા આદેશ કરવામાં આવ્યો છે. તેમજ સગીર બાળાઓ ઉપર તથા બળાત્કાર ગુનાની તપાસ ૬૦ દિવસમાં પુરી કરવા અને ૪૫ દિવસમાં તપાસ પૂર્ણ કરી કોર્ટમાં ચાર્જશીટ સબમીટ થાય કરી તાત્કાલિક સંબધિત જિલ્લા/શહેરના પોલીસ અધિક્ષકશ્રી/નાયબ પોલીસ કમિશનર ક્ક્ષાના અધિકારીએ સંભાળવાની રહેશે.
- તમામ કેસોમાં ઝડપી ચાર્જશીટ થાય છે. તેમજ ભોગ બનનારને વળતર મળી રહે તે માટે વળતર રિપોર્ટ પોલીસ દ્વારા સમયસર કરવામાં આવે છે.

ઈ-એફ.આઇ.આર

- નાગરીકોને વાહન ચોરી તેમજ મોબાઈલ ચોરી અંગેની ફરીયાદ માં સરળતા રહે તે હેતુથી ગુજરાત પોલીસનો નવો અભિગમ છે ઈ-એફ.આઇ.આર
- તારીખ.૨૩/૦૭/૨૦૨૨ના રોજ ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતીમા વાહન ચોરી અને મોબાઈલ ચોરી માટે e-FIR સેવાનો શુભારંભ કરવામાં આવેલ છે.
- ગુજરાત રાજ્ય પોલીસના સિટીઝન પોર્ટલ અને સિટીઝન ફર્સ્ટ મોબાઈલ એપ્લીકેશનની ઈ-એફ.આઈ.આર સેવા થકી નાગરીકો ઘરે બેઠા વાહન ચોરી તેમજ મોબાઈલ ચોરી અંગેની ફરીયાદ કરી શકશે.
- ઈ-એફ.આઈ.આર અંતર્ગત નાગરીકને વાહન ચોરી તેમજ મોબાઈલ ચોરી અંગેની ફરીયાદ કરવા માટે પોલીસ સ્ટેશન જવાની જરૂરિયાત રહેતી નથી. નાગરીક ગુજરાત પોલીસની સીટીઝન પોર્ટલ અથવા સીટીઝન ફર્સ્ટ મોબાઈલ એપ્લીકેશ એપના માધ્યમથી ગમે ત્યાંથી ઓનલાઈન ફરીયાદ નોંધાવી શકે છે.
- ૪૮ કલાકમાં પોલીસ ફરીયાદીનો સંપર્ક કરી બનાવની જગ્યાની મુલાકાત લેશે. વાહન ચોરીના કિસ્સામાં ચોરાયેલ વાહન અંગેની જાણ વિમા કંપનીને પણ કરવામાં આવશે.
- નાગરીકની ફરીયાદ ની તપાસ ૨૧ દિવસમાં પૂર્ણ કરી કોર્ટમાં રિપોર્ટ મોકલવામાં આવશે. જેથી નાગરિકોના ચોરાયેલ વાહનના વીમાની રકમ ઝડપથી મેળવી શકશે.
- ઈ-એફ.આઈ.આર અંતર્ગત તા.૨૩/૦૭/૨૦૨૨ થી ૨૫/૦૮/૨૦૨૨ સુધીમાં કુલ ૪૫૪ એફ.આઈ.આર. નોંધવામાં આવેલ છે.

કોઈ પણ રાજ્યની સમૃદ્ધિ અને વિકાસના પાયામાં સૌથી મહત્વની વાત છે, રાજ્યમાં શાંતિ, સુરક્ષા અને નાગરિકોની સલામતી. રાજ્યની દીકરીઓ રાત્રે ગરબા ઘૂમીને સુરક્ષિત ઘરે પહોંચે છે તે ગુજરાતની આગવી ઓળખ છે. ગુજરાત રાજ્યની ગણના દેશના શાંત અને સુરક્ષિત રાજ્યમાં થાય છે. આટલી મજબૂત રાજ્યની સુરક્ષાનો પાયો રાજ્યમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાખ્યો હતો, જેને આજે જાળવી રાખ્યો છે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે. કેન્દ્રની મોદી સરકારના સતત મળતા સહયોગથી, રાજ્યની ભૂપેન્દ્રભાઈ પટેલ સરકારે સરહદી એવા ગુજરાત રાજ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરથી ડ્રગ્સને ઘૂસતું અટકાવ્યું છે.

VISWAS PROJECT

- ગૃહ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા **VISWAS Project** અંતર્ગત રાજ્યના ૩૩-જીલ્લા મુખ્ય મથકો, ૬-યાત્રાધામો અને **Statue of Unity,** કેવડિયા કોલોની ખાતે ૭૦૦૦ જેટલા **CCTV Camera** લગાડી, **CCTV Camera** આધારિત સુરક્ષા અને સમન્વિત પરિવહન નિયંત્રણ વ્યવસ્થા **(Integrated Traffic Management System)** સ્થાપિત કરવામાં આવી છે.
- આ ઉપરાંત ગુજરાતના નાગરિકોની સુરક્ષા સુશ્ચિત કરવા માટે રાજ્ય પોલીસ દળમાં ૧૦,૦૦૦ **Body Worn Camera** અને ૧૫ **Drone based Camera** નો ઉમેરો થયો છે.

- જાહેર માર્ગ પર લગાવવામાં આવેલ **CCTV Camera,** પોલીસના ગણવેશ પર લગાડેલ **Body Worn Camera** અને આકાશમાં ઉડતા **Drone based Camera** એમ ત્રણેય પ્રકારના કેમેરાની આંખથી 'ત્રિનેત્ર' સ્વરૂપે ગુજરાતના નાગરિકોની સુરક્ષા અને સલામતી માટેની ત્રિસ્તરીય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.
- **VISWAS Project** દ્વારા હીટ એન્ડ રન અને માર્ગ અકસ્માતના ૯૫૯ કેસ, અપહરણ, ગુમ થયેલ વ્યક્તિ કે ચીજવસ્તુઓના ૬૭૨ કેસ, ચોરી, લુંટ, ધાડ, ચીલ ઝડપ ના ૧૫૦૧ કેસો, તેમજ અન્ય ગુન્હા બાદની તપાસના ૫૩૬ કેસો મળીને કુલ ૩૬૦૦ થી વધુ કેસો શોધવામાં મદદરૂપ થયો છે.
- **VISWAS** પ્રોજેક્ટના પરિણામે રાજ્યમાં વર્ષ ૨૦૧૮ની તુલનામાં વર્ષ ૨૦૨૧માં તમામ ચોરીઓના કેસો શોધવાના દરમાં અંદાજે ૧૩% નો વધારો, લૂંટના કેસો શોધવાના દરમાં અંદાજે ૧૩%નો વધારો, ધાડના કેસો શોધવાના દરમાં અંદાજે ૪% નો વધારો, ઘરફોડના કેસો શોધવામાં અંદાજે ૭%નો અને રમખાણો/તોફાનો ના આરોપીઓને પકડવામાં અંદાજે ૩% નો વધારો થયો છે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવેલા **CCTV Camera** નો ઉપયોગ તેમજ કોઈ અનિચ્છનીય બનાવો ન બને તે માટે ચોક્સાઈ પૂર્વક મોનીટરીંગ કરવા માટે થાય છે. રાજ્યમાં દરેક જિલ્લાની પોલીસ દ્વારા આ પ્રકારના કુલ ૩૨૦૦ થી વધુ ધાર્મિક પ્રસંગો, તહેવાર, સરઘસ, મેળા વખતે અસરકારક ટ્રાફીક નિયમન માટે પ્રસંગો દરમ્યાન **CCTV Camera** નો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો છે.
- **VISWAS** પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવેલ **CCTV Camera** ની **Traffic Management System** તેમજ માર્ગ સલામતીના અન્ય અસરકારક પગલાઓના પરિણામે, રાજ્યમાં માર્ગ અકસ્માતોના કેસોમાં વર્ષ ૨૦૧૮ની તુલનામાં વર્ષ ૨૦૨૧માં અંદાજે ૧૯% જેટલો ઘટાડો થયેલ છે. આ સમયગાળા દરમ્યાન માર્ગ અકસ્માતના કારણે થતી ઈજાઓમાં અંદાજે ૨૧% તેમજ મૃત્યુમાં અંદાજે ૭% જેટલો ઘટાડો થયો છે.

શી-ટીમ

- મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા રાજ્યમાં તમામ શહેર/જીલ્લામાં **SHE-TEAM 24×7** કાર્યરત છે.
- મહિલાઓ અને બાળકીઓની છેડતી અને પજવણી જેવા ગુના બનતા અટકાવવા માટે સ્કૂલ, કોલેજ, બાગ- બગીચા, વગેરે જાહેર સ્થળો પર જઈ શી-ટીમની કામગીરીથી વાકેફ કરવામાં આવે છે.
- શી-ટીમમાં ફરજ પરના અધિકારીશ્રી /કર્મચારી મહિલાને લગતી

ગુનાની માહિતી મળતા તુરંત જ ગુનાવાળી જગ્યાએ પહોંચી જાય છે.

- ભોગ બનનાર મહિલાનુ નામ ગુપ્ત રાખવામાં આવે છે, અને તેની સાથે સહાનુભૂતિ / સંવેદનશીલ વર્તન કરવામાં આવે છે.
- પીક-અપ અવર્સ, બાગ-બગીચા, સ્કુલ-કોલેજ શરૂ થવાના તથા છુટવાના સમયને ધ્યાને લઈ તેને અનુરૂપ ખાતે પેટ્રોલીંગ રાખવામાં આવે છે, તેમજ ખાનગી કપડામાં હાજર રહી સામાજીક તત્વો ઉપર જરૂરી વોચ રાખી જો વિધાર્થીનીઓને હેરાન પરેશન કરતા જાણાઈ આવે તો તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.
- બસ સ્ટેન્ડ, સ્કુલ, કોલેજ, ટયુશન કલાસીસ, મોલ્સ, સીનેમાઘર, બાગ-બગીચા, શાક માર્કેટ, ખરીદી બઝાર, ધાર્મિક સ્થળો, મહિલા પી.જી હાઉસ-હોસ્ટેલ જેવી જગ્યાઓ તેમજ તહેવારો અને મેળાઓના સમયે સયમાંતરે ડ્રીલ્સનુ આયોજન કરવામાં આવે છે.
- પોલીસ સ્ટેશન વિસ્તારમાં એકલા રહેતા સીનીયર સીટીઝન્સની નિયમીતપણે મુલાકાત લઈ તેઓની સગવડ, સુરક્ષા, અને આરોગ્ય વગેરે બાબતેની કાળજી પણ શી-ટીમ દ્વારા રાખવામાં આવે છે.
- મહિલા પોલીસ સ્ટેશન, ડાયલ ૧૦૦ નંબર, ૧૮૧ મહિલા અભયમ તરફથી મળતી મહિલા અંગેની ટેલીફોન વર્ધી અને ફરીયાદની ત્વરીત કામગીરી શી-ટીમ દ્વારા કરવામાં આવે છે.
- રાજ્યમાં તમામ જિલ્લા અને શહેરોના કુલ ૪૮૦ પોલીસ સ્ટેશનમાં ૫૮૫ શી-ટીમ કાર્યરત છે, જેમાં ૩૦૮૭ પોલીસ કર્મચારી અને અધિકારીઓ કાર્યરત છે.